# સીવવાના સંચાની કથા

– રતિલાલ સાં. નાયક

સને ૧૮૧૯ના જુલાઈ માસમાં અમેરિકાના એક ગામડામાં એક ખેડૂત કુટુંબમાં એક બાળકનો જન્મ થયો. એનું નામ એલાયસ હતું. ગરીબ ઘરમાં એ તેજસ્વી બાળક ગણાયો પણ એને કોણ ભણાવે ? પૈસા ક્યાં હતા ? એના માતાએ દુઃખી હૃદયે એને એની છ વર્ષની નાની ઉંમરે નજીકના એક કારખાનામાં કામે મૂક્યો. એનો બધો ઉછેર હવે ત્યાં જ થવા લાગ્યો.

ત્યાં ધીમે ધીમે કામગરા એક છોકરા તરીકેની એની ખ્યાતિ બંધાઈ.

અને પછી તો એનાં લગ્ન પણ થયાં. પત્ની પણ સુશીલ ને ઘરરખ્ખુ મળી. પણ જીવન હજુ ગરીબ જ હતું અને તેથી બન્નેએ ખૂબ મહેનત–મજૂરી કરવી પડતી. પત્નીએ સીવવા–સાંધવાનું કામ શીખી લીધું હતું અને તેથી ઘેર બેઠાંએ એ જ કામ કરતી.

આ કામ કરવાના ભારણથી એની પત્નીનું આરોગ્ય કથળતું જતું અને જોઈ એલાયસ ગમગીન થઈ જતો.

મોડી રાત સુધી એની પત્ની બિચારી સીવવા–સાંધવામાં મંડી રહે એ એને ન ગમતું. અને છતાં ઘરની ગરીબીને લઈ એનો કોઈ જ ઈલાજ જ ન હતો.

એવામાં એલાયસે વિચાર કર્યો કે એવું કંઈક શોધું કે જેથી આ સીવવાનું કામ અનેક ગણું સહેલું બની જાય. એના જીવનમાં નવો રસ દાખલ થયો. પોતાની પત્નીનું કામ કેમ હળવું બનાવી શકાય એ માટેની શોધમાં એ પડી ગયો. અને શોધનારને શું નથી મળતું ?

એલાયસે અખતરા કરવા માંડયા. પ્રથમ તો બેઉ છેડે અણીવાળી અને સોયમાં દોરો પરોવવાના કાણાવાળી સોય તેણે વાપરી જોઈ. સંચામાં એથી કામ આગળ ચાલ્યું પણ દોરો બહુ મજબૂત ને જાડો રાખવો પડતો.

એણે ફરી ફરી અખતરા ચાલુ રાખ્યા. દરમ્યાન ઓચિંતો એને બેવડા દોરાનો ખ્યાલ આવી ગયો. આ એની ક્રાંતિકારી શોધ હતી. એક દોરો ઉપરથી ને બીજો દોરો નીચેથી એમ બેવડા દોરાનો તેણે અખતરો કર્યો ને એથી સીવવાનું કામ ખૂબ હળવું બની શક્યું.

સને ૧૮૮૪માં લાકડા અને મેટલના સંચાનો નવો નમૂનો તેણે બનાવ્યો અને હવે આ શોધને જાહેરમાં મૂકવા એ તૈયાર થયો.

સંચાને સંપૂર્ણ બનાવવા વધુ નાણાંની જરૂર હતી. તેણે કુટુંબને પિતાને ત્યાં મૂકી દીધું અને કારખાનાની નોકરી છોડી દઈ એ સંચાની શોધમાં આગળ પ્રવાસે ઊપડયો.

કેમ્બ્રિજમાં એક મદદગાર મળી ગયો. તેણે કહ્યું, ‘ધનની મદદ તો આપું પણ બદલામાં તારા પેટન્ટમાં મારો અડધો ભાગ રાખવો પડશે.’

નિરુપાયે એલાયસને સંમત થવું પડયું. પાંચસો ડોલર ઉપાડયા અને તેમાંથી થોડી રકમ પોતાના કુટુંબના ખર્ચ પેટે તેણે પિતાને મોકલી આપી અને બાકીની રકમથી સંચાની શોધ આગળ ધપાવી.

ચાર મહિનાની સતત મહેનતને અંતે ચાર વાર લાંબુ કપડું સીવી શકાય તેવો સંચો તે તૈયાર કરી શક્યો. હાથથી સીવતાં એક ટાંકો લેવાય એટલી વારમાં સંચાથી પાંચ ટાંકા લેવાતાં. પણ આ સંચાનો વિરોધ દરજીઓએ ગજબનાક કર્યો. તેમને લાગ્યું કે આથી તો આપણી રોજી તૂટી જશે.

એલાયસ નાસીપાસ થયો. તેની હિંમત તૂટી ગઈ. તેણે કુટુંબને ફરીથી પિતાને ત્યાં મૂક્યું અને રેલવેમાં તે ઍંજિન ડ્રાઈવર તરીકે જોડાઈ ગયો.

થોડો વખત તો તેમાં રહ્યો પણ એવામાં સજ્જડ માંદગીમાં પટકાયો ને તેની નોકરી છૂટી ગઈ. તેને ફરી પાછી નવી નોકરી શોધવાની રહી. એલાયસના ભાઈએ એલાયસ માટે ઈંગ્લેન્ડમાં પ્રયત્ન કર્યો અને ત્યાંના એક ભલા ગૃહસ્થે એલાયસને એના સંચા પેટે અઢીસો પાઉન્ડ ધીર્યા.

ફરી પાછો કુટુંબ સાથે તે ઈંગ્લેન્ડ આવ્યો અને કામધંધે વળગ્યો.

પણ હજુ તેની અવદશા ચાલુ હતી. એને શેઠ જોડે જ કજિયો થયો ને એ બેકાર બન્યો. સગાંઓએ પૈસા મોકલ્યા ત્યારે માંડ માંડ એ એના કુટુંબને અમેરિકા પાછું મોકલી શક્યો.

હવે તો પેલી સંચાની શોધ ને એ. એણે ઈંગ્લેન્ડમાં જ મથ્યે રાખ્યું.

અને ફરી પાછી સજ્જડ નાસીપાસી મળી.

પોતાનું પેટન્ટ ગીરવે મૂકી એ અમેરિકા પાછો ફર્યો. ત્યાં એને સંદેશો મળ્યો કે તેની પત્ની ખૂબ બીમાર હતી ને તેને ઝંખી રહી હતી. ઘરે પહોંચવા જેટલી રકમ માંડ માંડ એકઠી કરી તે બીમાર પત્નીના બિછાને પહોંચી ગયો ને તેને આંખથી જુએ ને પછી ભલે જ આ જગત છોડી જવું પડે એવા નિર્ણય ઉપર આવી હોય એમ તેનું અને તેની પત્નીનું એ છેલ્લું મિલન પૂરું થયું.

જે પત્નીને સુખી કરવા તે જીવનભર મથ્યો તેમાં તે નિષ્ફળ ને નિષ્ફળ જ રહ્યો.

ત્યાં તેને ખબર પડી કે તેના સંચાની કોઈએ નકલ કરી છે ને તેને ખૂબ આવકાર મળી રહ્યો છે. તરત તેણે ફરિયાદ કરી અને ન્યાય માગ્યો.

ચુકાદો તેની તરફેણમાં આવ્યો.



અને પછી જાણે એકસામટાં દુઃખોનો બદલો મળવાનો હોય એમ એના સુખના દિવસો શરૂ થયા. એક વર્ષમાં તો એને એના સંચા બનાવનારી કંપનીએ બે લાખ ડૉલર આપ્યા.

સને ૧૮૬૭માં એને એની આ ઉપયોગી શોધ બદલ સુવર્ણચંદ્રક મળ્યો.

એના સંચા બનાવનાર વીલરની કંપનીને ઑર્ડર ઉપર ઑર્ડર મળવા લાગ્યા.

જેઓ વિરોધ કરતા હતા એ દરજીઓ પણ હવે આ સંચાને આવકારતા થઈ ગયા.

ખાસ કરીને ગરીબ અને વિધવા સ્ત્રીઓ માટે તો ઘેર બેઠા રોજીની ઉમદા તક આથી પૂરી પડી.

પછી તો અનેક કંપનીઓ નીકળી. આપણા દેશમાં પણ હવે તો સ્વદેશી સાહસો થયાં છે.

આપણી સરકાર પણ નવી નવી યોજનાઓ કરીને લોકોને સીવવાની તાલીમ આપે છે, એટલું જ નહિ સંચા ભેટ પણ આપે છે.

શાળાઓ પણ સીવણને ઉદ્યોગ તરીકે સ્થાન આપે છે. સ્ત્રીઓના ઉદ્ધાર અને તેમની સુધારણા માટે મથતી મોટા ભાગની સંસ્થાઓ સીવણની તાલીમના વર્ગો ચલાવે છે.

આપણે આ રીતે સ્વાવલંબી થવું જ જોઈએ.

■